GJPM040024
092023

सत्यमेव जयते

ફરીયાદ આવ્યા તારીખ	:	૨૫–૦૫–૨૦૨૩		
ફરીયાદ રજુ થયા તારીખ	:	૨૫–૦૫–૨૦૨૩		
ફરીયાદ નિકાલ થયા તારીખ	:	૦૮–૦૬–૨૦૨૬		
સમય ગાળો.		વર્ષ	માસ	દિવસ
		૦૩	૦૦	૧૪

હાલોલના મે.એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં...

ક્રિમીનલ કેસ નં.૧૮૯૮/૨૦૨૩
આંક–

ફરીયાદી.
યોગી પેટ્રોલીયમના પ્રોપરાઈટર
મયુરભાઈ રાવજીભાઈ પટેલ,
રહે.૨,ઈશ્વર બંગલો, ફાયર બ્રિગેડ સામે, હાલોલ–વડોદરા રોડ,
મુ.હાલોલ,જી.પંચમહાલ.

:: વિરૂધ્ધ ::

આરોપી.
શ્વેતાબેન દર્શનકુમાર પંચાલ,
ચામુંડા કંન્સ્ટ્રકશનના ઓથોરાઈઝડ સિગ્નેચરી,
ઉ.વ.પુખ્ત, ધંધો: વેપાર/કંન્સ્ટ્રકશન
રહે. પંચાલ ફળીયુ, રણોલી,
તા.જી.વડોદરા.

ફરીયાદ :–ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટ ની કલમ–૧૩૮ મુજબ.

ફરીયાદી તર્ફે વિ.વ.શ્રી જે.એમ.શેઠ.
આરોપી તર્ફે વિ.વ. શ્રી એ.એચ.મકરાણી. શ્રી જે.બી.જોષી

:: <u>ચુકાદો</u> ::

૧. આ કામે ફરીયાદ પક્ષના કેસ ની હકીકત ટુંકમા એવી છે કે, આ કામના ફરીયાદી ફરીયાદના મથાળે જણાવેલા સરનામે રહે છે અને મુ.કંબોલા, તા. સાવલી, જી. વડોદરા મુકામે સાવલી–હાલોલ રોડ ઉપર યોગી પેટ્રોલીયમના નામની નાયરા કંપનીનો પેટ્રોલ પંપ ધરાવી પેટ્રોલ–ડીઝલ નુ વેચાણ કરતા આવેલા છે. જયારે આ કામના આરોપી અને તેમના પતિ દર્શનકુમાર પંચાલ નાઓ ચામુંડા કંન્સ્ટ્રકશન ના નામે ધંધો કરે છે અને આરોપી તથા તેના પતિએ ફરીયાદીના યોગી પેટ્રોલપંપ ઉપર આવી જણાવેલ કે, તેઓને હાલોલમાં બે–ત્રણ કંપનીઓનુ કંન્સ્ટ્રકશન નુ કામ મળેલ હોઈ ઉધારમા ડીઝલની જરુર છે જેથી ફરીયાદીએ તેમના વ્યવહાર જોવો પડે તેવુ જણાવતા આરોપી તથા તેના પતિએ ફરીયાદીના યોગી પેટ્રોલીયમના બેંક ખાતાની વિગત માંગી રુા. ૩,૦૦,૦૦૦/– પુરા એડવાન્સમા આર.ટી.જી.એસ. થી ટ્રાન્સફર કરેલા જેથી ફરીયાદી ને આરોપી ઉપર ભરોશો બેસી જતા ઉધારમા ડીઝલ આપવાનુ નકકી કરેલુ અને તે માટે ફરીયાદીએ આરોપીને યોગી પેટ્રોલીયમની છપાવેલી સ્લીપબુક ત્રણ પ્રત વાળી કુલ–૧૦૦ નંગની આપેલી. જે સ્લીપબુક ભરીને આરોપી તેમના માણસને વાહન લઈને ડીઝલ લેવા મોકલતા. આરોપી ડ્રમ લઈને પણ ડીઝલ ભરવા મોકલતા તેમજ મીની ટેન્કર પણ ડીઝલ લેવા માટે મોકલતા અને ફરીયાદી તે મુજબ આરોપીને ડીઝલ પુરુ પાડતા. આરોપીએ ફરીયાદી પાસેથી તારીખ : ૨૦–૧૨–૨૦૨૨ ના રોજ રુા. ૧૦,૪૮,૮૦૦/– તેમજ તારીખ : ૨૭–૧૨–૨૦૨૨ ના રોજ રુા. ૨૮,૩૬,૧૬૦/– તથા તારીખ : ૦૧

–૦૧–૨૦૨૩ ના રોજ રુા. ૨૬,૬૮,૦૦૦/– મળી ને કુલ રકમ રુા. ૬૫,૫૨,૯૬૦/– નુ ડીઝલ ખરીદ કરેલુ અને તે દરમ્યાન આરોપીએ અલગ અલગ રકમથી ફરીયાદીને રુા. ૨૯,૯૮,૮૦૦/– ની ચુકવણી કરેલી જયારે બાકી લ્હેણી નીકળતી રકમ રુા. ૩૫,૫૪,૧૬૦/– ની ચુકવણી માટે આરોપીએ ફરીયાદીની રુબરુમા સહી કરી તેમની એ.યુ.સ્મોલ ફાઈનાન્સ બેંક, ઓ.પી. રોડ, વડોદરા શાખા ના ખાતા નં. ૨૨૨૧૨૧૨૭૩૮૦૯૦૫૪૧ ના નીચે મુજબ ના ચેકો આપેલા.

ક્રમ.	ચેક નંબર.	રકમ.	તારીખ.
૧.	૦૦૦૦૫૮	રુા.૫,૦૦,૦૦૦/–	૧૩–૦૧–૨૦૨૩
૨.	૦૦૦૦૫૯	રુા. ૩,૦૦,૦૦૦/–	૧૬–૦૧–૨૦૨૩
૩.	૦૦૦૦૬૦	રુા.૪,૦૦,૦૦૦/–	૧૮–૦૧–૨૦૨૩
૪.	૦૦૦૦૬૧	રુા.૫,૦૦,૦૦૦/–	૨૧–૦૧–૨૦૨૩
૫.	૦૦૦૦૬૨	રુા.૫,૦૦,૦૦૦/–	૨૭–૦૧–૨૦૨૩
૬.	૦૦૦૦૪૧	રુા.૧૩,૫૪,૧૬૦/–	૨૮–૦૪–૨૦૨૩

ઉપરોકત વિગતના ચેકો પૈકી ક્રમ નં.૧ થી ૪ ના ચેકો ફરીયાદીએ પોતાની બેંક, આઈ.સી.આઈ.સી.આઈ. હાલોલ શાખામા રજુ રાખતા વણચુકવ્યા પરત થયેલા જેથી ફરીયાદીએ આરોપીનો સંપર્ક કરતા માર્ચ એન્ડીંગમા બીલ આવવાનુ હોવાથી સદર ચેકો માર્ચ એન્ડીંગમાં રજુ રાખવા જણાવેલ. જેથી, આરોપીની સુચના અનુસાર ફરીયાદીએ ક્રમ નં. ૧ વાળો ચેક નં. ૦૦૦૦૫૮, રકમ રુા. ૫,૦૦,૦૦૦/– નો પોતાની બેંક આઈ.સી.આઈ.સી.આઈ. બેંક હાલોલ શાખામા રજુ રાખતા સદર ચેક વણ ચુકવ્યો પરત થયેલો

જે અંગેની ફરીયાદીને તેમની બેંક તરફથી તા. ૩૦–૦૩–૨૦૨૩ ના રીટર્ન મેમોથી જાણ કરવામાં આવેલી. ત્યારબાદ ફરીયાદીનો આરોપી સાથે સંપર્ક થઈ શકેલ નહિ. આથી, ફરીયાદીએ આરોપીને તારીખ : ૧૮–૦૪–૨૦૨૩ ના રોજ આર.પી.એ.ડી. થી ધારાસરની નોટિસ આપેલી જે નોટિસ આરોપીને ફરીયાદમા લખેલા સરનામે મળી ગયેલી જેનો આરોપીએ તારીખ : ૧૧–૦૫–૨૦૨૩ ના રોજ ખોટો અને ઉડાઉ જવાબ આપેલો. જેનો ખુલાસો ફરીયાદીએ તા. ૧૮–૦૫–૨૦૨૩ ના રોજ લેખિતમા કરેલો છે. આમ, આરોપીને નોટિસ મળી જવા છતા આરોપીએ નિયત સમય–મર્યાદામા ફરીયાદીને તેની લ્હેણી રકમ નહિ ચુકવીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટ ની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલો હોઈ હાલની આ ફરીયાદ રજુ રાખી ફરીયાદીએ આરોપીને કાયદાથી ફરમાવેલી મહત્તમ કેદની સજા કરવા તથા ચેકની રકમથી બમણી રકમનો દંડ કરી તે રકમ વળતર પેટે પોતાને ચુકવવા હુકમ થવા વિનંતિ કરી છે.

૨. આ કામમાં ફરીયાદી ની ઉપરોકત ફરીયાદ,વેરીફિકેશન તથા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ આધારે હાલની ફરીયાદ અંગે કોગ્નીઝન્સ લઈ આરોપી સામે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૪ અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુન્હા માટે પ્રોસેસ નો હુકમ કરેલો. આરોપીને સમન્સની બજવણી થતા અદાલતમા ઉપસ્થિત થતા ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૭ મુજબ આરોપીઓને ફરીયાદ પક્ષના

તમામ દસ્તાવેજો વિનામુલ્યે પુરા પાડવામાં આવેલ છે. આરોપી ને તેઓની સામેના ગુન્હાની સમજ આપી ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૨૫૧ મુજબ આરોપીનુ ગુન્હા સબંધમા નિવેદન આંક–૧૭ થી લેવામા આવતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ, જેથી કેસ આગળ ચલાવવામા આવેલો.

3. ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

–::: <u>ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો</u> :::–

ક્રમ.	સાહેદની વિગત.	આંક
૧.	ફરીયાદ પક્ષ તર્ફે સા.નં.૧,મયુરભાઈ રાવજીભાઈ પટેલ (ફરીયાદી યોગી પેટ્રોલીયમના ઓથોરાઈઝ સિગ્નેચરી) નું સરતપાસ સ્વરૂપી સોગંદનામુ.	૪

–::: <u>ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો</u> :::–

ક્રમ.	દસ્તાવેજની વિગત.	આંક
૧.	આરોપીએ લખી આપેલ અસલ ચેક.	૬
૨.	અસલ ચેક પરત ફર્યા બાબત નો અસલ રીટર્ન મેમો.	૭
૩.	ફરીયાદીએ આરોપીને આપેલ નોટિસની ઓફીસ કોપી.	૮
૪.	ફરીયાદીએ આરોપીને આપેલ નોટિસ રજી.પો.એ.ડી. મારફતે મોકલ્યાની અસલ પાવતી.	૯
૫.	આરોપીને રજી.પો.એ.ડી. મારફતે આપેલ નોટિસ જે આરોપીને મળી ગયાઅંગેની પોસ્ટ ખાતાની	૧૦

	એકનોલેજમેન્ટ સ્લીપ.	
૬.	આરોપીએ આપેલ ફરીયાદીની નોટિસનો જવાબ	૧૧
૭.	આરોપીએ આપેલા નોટિસના જવાબ અંગે ફરીયાદીએ કરેલ ખુલાસો.	૧૨
૮.	આર.પી.એ.ડી.કર્યા અંગેની સ્લીપ.	૧૩
૯.	ફરીયાદીના આધાર કાર્ડની નકલ.	૧૪
૧૦.	આઈ.સી.આઈ.સી.બેંકના ફરીયાદીના ખાતાનો ઉતારો	૩૩
૧૧.	ફરીયાદી ધ્વારા નિભાવવામા આવતા આરોપીના લેઝરનો ઉતારો.	૩૪
૧૨.	ફરીયાદીના સને: ૨૦૨૨–૨૦૨૩ ના વર્ષના ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કર્યા અંગેના બેલેન્સશીટ તેમજ પ્રોફીટ–લોસ સ્ટેટમેન્ટ.	૩૫
૧૩.	ફરીયાદીના સને: ૨૦૨૩–૨૦૨૪ ના વર્ષના ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કર્યા અંગેના બેલેન્સશીટ તેમજ પ્રોફીટ–લોસ સ્ટેટમેન્ટ.	૩૬
૧૪.	ફરીયાદીના સને: ૨૦૨૨–૨૦૨૩ ના વર્ષના ઈન્કમટેક્ષ રીટર્ન.	૩૭
૧૫.	ફરીયાદીના સને: ૨૦૨૪–૨૦૨૫ ના વર્ષના ઈન્કમટેક્ષ રીટર્ન.	૩૮
૧૬.	ફોર્મ–૩ સી બી ઓડીટ રીપોર્ટ	૩૯
૧૭.	યોગી પેટ્રોલીયમના ટર્ન ઓવર ઉપર તારીખ– ૦૧ –૦૧–૨૦૨૩ થી તા. ૩૧–૧૨–૨૦૨૩ અંગેનો ભરેલો વેટ દર્શાવતુ પત્રક.	૪૦
૧૮.	આરોપીએ ફરીયાદીના પેટ્રોલપંપ ઉપરથી મંગાવેલ ડીઝલ માટે ચામુંડા કંન્સ્ટ્રકશન ના સહી–સીકકાવાળી આપેલી સ્લીપ કુલ–૭ નંગ.	૪૧

૪. ત્યારબાદ ફરીયાદ પક્ષે વધુ કોઈ પુરાવો રજુ નહિ કરતા ફરીયાદ

પક્ષે આંક–૪૪ થી કલોઝીંગ પુરશીસ રજુ કરતા ફરીયાદ પક્ષનો પુરાવો પુરો કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામે ફરીયાદીએ રજુ રાખેલા પુરાવાઓ અંગેની સ્પષ્ટતા માટે સી.આર.પી.સી.કલમ–૩૧૩ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપી એ ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો તેમની હાજરીમા અને સાંભળતા લેવામા આવેલો હોવાની હકીકત સ્વીકારી, પુરાવાની મહત્વની હકીકતો નો ઈન્કાર કરેલો છે અને પોતે બચાવના સાહેદ તપાસવા માંગતા હોવાનુ તેમજ સોગંદ ઉપર પુરાવો આપવા માંગતા હોવાનુ જણાવી વિશેષમાં દસ્તાવેજી પુરાવા રજુ કરવા છે તેવી હકીકત જણાવી છે. પરંતુ આ કામે જોઈએ તો, કોઈપણ કારણોસર આરોપીએ જાતે સોગંદ ઉપર જુબાની આપેલ નથી. પરંતુ, નીચેની વિગતે જણાવેલા સાહેદો તપાસેલા છે.

૫. આમ આ કામે આરોપી પક્ષે નીચે મુજબ મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

–::: <u>આરોપી પક્ષનો મૌખિક પુરાવો</u> :::–

ક્રમ.	સાહેદની વિગત.	આંક
૧.	આરોપી પક્ષે સાહેદ નં.૧ તરૂણભાઈ જયરામભાઈ રાજપરા ની જુબાની.	૪૭

–::: <u>આરોપી પક્ષનો દસ્તાવેજી પુરાવો</u> :::–

ક્રમ.	દસ્તાવેજની વિગત.	આંક
૧.	ફોજદારી પરચુરણ અરજી નં.૧૭૫/૨૦૨૩ અન્વયે થયેલ હુકમની ખરી નકલ.	૫૦

૨.	ફોજદારી પરચુરણ અરજી નં.૧૭૫/૨૦૨૩ અન્વયેની આંક–૫ ની નકલ.	૫૧

ત્યારબાદ સદર કામે આરોપી પક્ષે ઉપર રજુ કરેલ પુરાવા સિવાય વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ નહિ કરી આંક–૫૨ થી કલોઝીંગ પુરશીસ રજુ કરતા આરોપી પક્ષનો પુરાવો પૂર્ણ કરવામાં આવેલો છે.

૬. ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૫૫ થી પોતાની લેખિત દલીલો રજુ રાખેલી છે.જે લેખિત દલીલો આ કેસના રેકર્ડનો હીસ્સો હોઈ જેથી પુનરાવર્તન ટાળવાના આશયથી અહીં તેની વિગતવાર ચર્ચા કરવામાં આવેલી નથી. પરંતુ, સદર કેસનો ન્યાય–નિર્ણય કરતી વેળાએ આ અદાલતે આ લેખિત દલીલો ધ્યાને લીધેલી છે.

વધુમાં પોતાના કેસના સમર્થનમા ફરીયાદપક્ષે નીચે મુજબના કેસના ચુકાદાઓ ઉપર આધાર રાખેલો છે.

(૧) શ્રી દાનેશ્વરી ટ્રેડર્સ વિ.. સંજય જૈન

(૨) બીરસીંગ વિ.. મુકેશકુમાર.

ત્યારબાદ આરોપીપક્ષે વિ.વ.શ્રી જે.બી.જોષી એ પોતાની દલીલોમાં મુખ્યત્વે એવુ જણાવેલ છે કે, ફરીયાદીની ફરીયાદ મુજબ તા. ૨૦–૧૨–૨૦૨૩ થી તા. ૧૦–૦૧–૨૦૨૪ દરમ્યાન ફરીયાદીએ આરોપીને રુા. ૬૫,૫૨,૯૬૦/– નુ ડીઝલ આપ્યુ છે તેવુ

જણાવેલ છે પરંતુ, તે હકીકત દર્શાવતો કોઈ પુરાવો સમગ્ર કાર્યવાહીમા ફરીયાદીએ રજુ રાખેલો નથી. વાસ્તવમાં ફરીયાદીના કેસ અનુસાર આ વાણીજયીક વહેવાર એટલે કે, બીઝનેસ ટ્રાન્ઝેકશન છે. આ કોઈ હેન્ડ લોન નો વહેવાર નથી કે, તેનો કોઈ પુરાવો ના હોય. બીઝનેશ ટ્રાન્ઝેકશન અન્વયે થતા તમામ વહેવારોનો દસ્તાવેજી પુરાવો હંમેશા ઉપલબ્ધ હોવાનો જ. પરંતુ તેમ છતા ફરીયાદીએ આ વહેવાર દર્શાવતા કોઈ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલા નથી. ભલે કાયદાકીય અનુમાનો ફરીયાદીની તરફેણમા હોય પરંતુ, ફરીયાદીએ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો છે જ. વધુમાં ફરીયાદપક્ષે પાછળથી દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે પરંતુ, આ બધા દસ્તાવેજો ઝેરોક્ષ છે અને તે ખાનગી દસ્તાવેજો છે. વળી આ દસ્તાવેજોનુ મૌખિક પુરાવાથી સમર્થન થયેલ નથી. આથી આ દસ્તાવેજોના મજકુર પુરવાર થયેલા નથી આથી પણ આ દસ્તાવેજોનુ કોઈ પુરાવાકીય મુલ્ય રહેતુ નથી. વધુમાં આરોપીએ ફરીયાદીને બેંકથી અને રોકડમાં નાણાં ચુકવેલા છે તે દર્શાવતી સર્ટીફાઈડ નકલો રજુ રાખેલી છે. આ કામે ફરીયાદીએ આરોપીની વિરુધ્ધમા સાવલી ખાતે એક ફોજદારી કેસ કરેલ છે જે ફોજદારી કેસના કામે આરોપીને આગોતરા જામીન મળેલા છે તે ફોજદારી કેસના કામે રજુ થયેલા વાઉચરો તે કેસના તપાસકર્તા અધિકારીએ પોતાની તપાસ માટે કબજે લીધેલા હોવાથી અમારે તે વાઉચરોની સર્ટીફાઈડ કોપી રજુ રાખવી પડેલી છે. આ કામે અમારા સાહેદ તરૂણ રાજપરા તે ફરીયાદીના ભાગીદાર છે આથી તેણે અમારા વિરુધ્ધ હકીકતો પોતાની જુબાનીમા જણાવેલી છે. વધુમા જોવામાં આવે તો, આ

કામે રજુ થયેલ તકરારી ચેકમા લખાણ અલગ અલગ શાહીથી કરવામાં આવેલ છે એટલે કે, ચેક એક જ વ્યકિત ધ્વારા લખાયેલો નથી. બાદમાં જોઈએ તો, ફરીયાદી તથા આરોપી વચ્ચે એક એગ્રિ મેન્ટ પણ થયેલુ છે પરંતુ, ફરીયાદીએ આ એગ્રિમેન્ટ રજુ રાખેલ નથી. તે જ રીતે જોઈએ તો, આ કામના ફરીયાદી તે પેઢી છે. સદર કેસ દાખલ કરનાર વ્યકિત આ પેઢીના પ્રોપરાઈટર છે તેવુ દર્શાવતો કોઈ આધાર રજુ રાખી શકયા નથી. નામદાર સુપ્રિમ કોર્ટના મીલીન્દ શ્રીપદ ચંદુરકર ના કેસના ચુકાદા અન્વયે પેઢીના પ્રોપરાઈટર હોવાનુ પુરવાર કરવુ આવશ્યક છે. તે જ રીતે જોઈએ તો, નામદાર ગુજરાત હાઈકોર્ટના રાજેન્દ્રકુમાર ઉર્ફે રાજેશકુમાર બાલકિશન અગ્રવાલ વિ. ગુજરાત રાજયનાં ચુકાદા અન્વયે રીટર્ન મેમોમા બેંકના સહી અને સીકકા હોવા જરુરી છે પરંતુ, હાલના કેસમા ફરીયાદીએ રજુ રાખેલ રીટર્ન મેમોમાં બેન્કના સહી–સીકકા નથી. આ કામે અમો આરોપીએ ફરીયાદીની નોટિસનો જવાબ આપેલ છે અને તે સંજોગોમા લેણુ પુરવાર કરવાની જવાબદારી ફરીયાદીના શીરે રહેલી છે. પરંતુ, ફરીયાદી લ્હેણુ પુરવાર કરવામાં સફળ નિવડેલ નથી. તે જ રીતે ફરીયાદીએ રજુ રાખેલા અમુક વાઉચરોમાં કોઈ સહી–સીકકા નથી. આમ, આ તમામ હકીકતો જોતા ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે જેથી અમો આરોપીને સદર ગુન્હાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ થવા વિનંતિ છે.

૭. ફરીયાદ હકીકત, રેકર્ડ ઉપર રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાનમા લેતા ફરીયાદ પક્ષના

કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:: મુદ્દાઓ ::

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, ફરીયાદી યોગી પેટ્રોલીયમના નામે પેટ્રોલ–ડીઝલના વેચાણનો ધંધો ચલાવે છે અને આરોપીએ ફરીયાદી પાસેથી કુલ રકમ રુા. ૬૫,૫૨,૯૬૦/– નુ ડીઝલ અલગ અલગ દિવસોમાં ઉધાર થી ખરીદ કરેલ જેની લ્હેણી રકમ પેટે આરોપીએ અલગ અલગ રકમથી કુલ રુા. ૨૯,૯૮,૮૦૦/– ચુકવેલ અને બાકીની રકમ રુા. ૩૫,૫૪,૧૬૦/– ની ચુકવણી પેટે પોતાની એ.યુ.સ્મોલ ફાઈનાન્સ બેંક, ઓ.પી.રોડ, વડોદરા શાખાના અલગ અલગ રકમના અને અલગ અલગ તારીખના કુલ–૬ ચેકો ફરીયાદીને આપેલા જે પૈકી ચેક નં.૦૦૦૦૫૮, રકમ રુા. ૫,૦૦,૦૦૦/–, તા. ૧૩–૦૧–૨૦૨૩ નો ફરીયાદીએ વટાવવા માટે બેંકમા રજુ રાખતા સદર ચેક વણચુકવ્યો પરત થયેલો જે અંગેની બેંક ધ્વારા તા. ૩૦–૦૩–૨૦૨૩ ના રીટર્ન મેમોથી ફરીયાદીને જાણ થયેલી જેથી ફરીયાદીએ તા. ૧૮–૦૪–૨૦૨૩ ના રોજ આરોપીને આર.પી.એ.ડી.થી ધારાસરની નોટિસ આપેલી જે નોટિસનો ખોટો અને ઉડાઉ જવાબ આરોપીએ તા. ૧૧–૦૫–૨૦૨૩ ના રોજ આપેલો અને તે જવાબનો ખુલાસો ફરીયાદીએ તા. ૧૮–૦૫–૨૦૨૩ ના રોજ

આપેલો. આમ, આરોપીને નોટિસ મળી જવા છતા આરોપીએ ફરીયાદીને લ્હેણી રકમ નહિ ચુકવી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલો છે. ?

(૨) શું હુકમ ?

:: **નિ ર્ણ યો.** ::

૮. ઉપરોકત મુદ્દાઓ અંગેના જવાબો માટેનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧:–હકારાત્મક.

મુદ્દા નં.૨:–આખરી હુકમ અનુસાર.

૯. ફરીયાદ હકીકત, રેકર્ડ ઉપર રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા ઉપરોકત ઉપસ્થિત થયેલા મુદ્દાઓના જવાબો માટેના મારા કારણો નીચે મુજબ છે.

:: **કા ર ણો** ::

–::: **મુદ્દા નં.૧ તથા ૨** :::–

૧૦. આ કામે ઉભય પક્ષોએ રજુ રાખેલા પુરાવાઓનુ તુલનાત્મક વિશ્લેષણ,મૂલ્યાંકન તથા પૃથ્થકરણ કરવામાં આવે તે પહેલા સબંધિત કાયદાને લગતી કાયદાકીય જોગવાઈઓ જોવામાં આવે તો તે નીચે મુજબની છે.

આ કામે ફરીયાદ પક્ષે રજુ રાખેલા દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓનુ તુલનાત્મક વિશ્લેષણ તેમજ પૃથ્થકરણ કરવામાં આવે તે પહેલાં જોવામાં આવે તો, આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટ (જેને હવે પછી સરળતા ખાતર ટુંકમાં ''એકટ'' તરીકે જ સંબોધેલ છે) ની કલમ–૧૧૮ જોવામાં આવે તો તે નીચે મુજબની છે.

<u>કલમ–૧૧૮</u> :– <u>વટાવ ખત વિશે અનુમાન</u> :–

એથી વિરૂધ્ધનુ સાબીત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે અનુમાન કરવામાં આવશે.

<u>(અ)</u> <u>અવેજ વિશે</u> :– દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતુ અને દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યુ હોય, અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ, તેના પર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યુ હતુ, અથવા તબદીલ કર્યુ હતુ.

<u>(બ)</u> <u>તારીખ વિશે</u> :– જેના ઉપર તારીખ હોય તેવુ વટાવ ખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતુ.

<u>(ક)</u> <u>સ્વીકારના સમય અંગે</u> :– સ્વીકારાયેલુ દરેક વિનિમય પત્ર તેની તારીખ પછી અને તે પાકયા તારીખ પહેલાં સ્વીકારવામાં આવ્યુ હતુ.

<u>(ડ)</u> <u>તબદીલીના સમય અંગે</u> :– કોઈ વટાવ ખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

<u>(ઈ)</u> <u>શેરાઓના ક્રમ વિશે</u> :– કોઈ વટાવ ખત ઉપર કરેલા હોવાનુ

જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(ફ) સ્ટેમ્પ વિશે :– ખોવાઈ ગયેલી પ્રોમીશરી નોટ, વિનિમય પત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાવેલો હતો.

(ગ) ધારક યથાનુક્રમ ધારક છે તેમ માની લેવા વિશે :– કોઈ વટાવખતનો ધારક છે, પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેના કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી, કોઈ ગુન્હો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુન્હો કરી ને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યુ હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાનુક્રમ ધારક છે તેમ સાબીત કરવાનો બોજો તેના પર છે.

ત્યારબાદ આ કામે એકટની કલમ–૧૧૯ જોવામાં આવે તો તે નીચે મુજબની છે.

કલમ–૧૧૯ :– અનાદરનુ પ્રમાણપત્ર સાબીત થયે માની લેવાની બાબત :–

જેનો અનાદર થયો હોય તેવા ખત ઉપરથી થયેલા દાવામાં અનાદરનુ પ્રમાણપત્ર સાબીત થયે કોર્ટે અનાદરની હકીકત ના–સાબીત ન થાય ત્યાં સુધી અનાદર થયો છે એવુ કોર્ટે માની લેવુ જોઈશે.

ત્યારબાદ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ જોવામાં આવે તો તે નીચે મુજબની છે.

કલમ–૧૩૮ :– ખાતામાં અપુરતા ફંડ વિગેરેને કારણે ચેકનો અસ્વીકાર

સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત પોતે નિભાવતો હોય તેવા ખાતાનો બીજી વ્યકિતને નાણા ચુકવવા માટે બેંકરને ચેક લખે અને તેવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક પરત કરે અને પરત થવાનુ કારણ એવુ હોય કે ખાતામાંની જમા રકમ ચેકના સ્વિકાર માટે અપુરતી છે અથવા તો બેંક સાથે સમજુતીથી કરેલી વ્યવસ્થા પ્રમાણે ચેકની રકમ તે રકમ કરતાં વધુ છે. ત્યારે આવી વ્યકિતએ ગુન્હો કર્યો હોવાનુ ગણાશે અને આ કાયદાની અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા અથવા ચેકની રકમ કરતાં બમણી રકમ સુધીનો દંડ અથવા તે બંન્ને શિક્ષા કરવામાં આવશે. પરંતુ આ કલમનો કોઈપણ મજકુર લાગુ પડશે નહી સિવાય કે–

(અ) ચેક ઉપર જે તારીખ લખી હોય તે તારીખથી છ મહીનાની મુદત અથવા ચેકની જે કાયદેસરની મુદત હોય તે બે માંથી જે વહેલી હોય તે મુદત અંદર ચેક બેંકમાં રજુ કરવામાં આવ્યો હોય.

(બ) ચેકનો પેઈ અથવા યથાક્રમ ધારક તે ચેક વણચુકવ્યો પરત આવવા સબંધી બેંક પાસેથી તેને માહીતી મળ્યાના ત્રીસ દિવસની અં દર ચેક લખનારને લેખિતમાં નોટીસ આપીને નાણાની સદરહુ રકમની ચુકવણી કરવા માટે માંગણી કરી હોય અને,

(ક) એવા ચેક લખનારે ચેકના પેઈ અથવા યથાક્રમ ધારકને સદરહુ નાણાની રકમની ચુકવણી સદરહુ નોટીસ મળ્યાના પંદર દિવસની અંદર કરી ન હોય.

<u>સ્પષ્ટીકરણ</u> :– આ કલમના હેતુઓ માટે દેવુ અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરી શકાય તેવુ દેવુ

અથવા અન્ય બીજી જવાબદારી. ત્યારબાદ એકટની કલમ–૧૩૯ જોવામાં આવે તો તે નીચે મુજબની છે.

કલમ–૧૩૯ :– ધારકની તરફેણમાં અનુમાન

જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવુ માની લેવામાં આવશે કે ચેકના ધારકને કલમ–૧૩૮ માં જણાવેલો ચેક સમગ્ર અથવા અંશત : અથવા બીજી જવાબદારી અદા કરવા માટે મળેલો છે.

આમ, ઉપરોકત તમામ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં એ હકીકત સ્વયં સ્પષ્ટ બની જાય છે કે, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અનુસાર, સૌપ્રથમ તો દેવુ અથવા અન્ય જવાબદારી કાયદેસર રીતે તેનો અમલ કરાવી શકાય તેવુ દેવુ અથવા જવાબદારી હોવા જોઈએ, ત્યારબાદ નાણા ચુકવનારે લખેલો ચેક અપુરતા ભંડોળના કારણે અથવા ખાતાની જમા રકમ કરતાં ચેકની રકમ વધુ હોવાના કારણે વણચુકવ્યો પરત થયેલો હોવો જોઈએ, આવો ચેક જે તારીખે લખ્યો હોય તે તારીખથી છ મહીનાની અથવા ચેકની કાયદેસરની જે મુદત હોય તે બેમાંથી જે વહેલી હોય તે મુદતની અંદર બેંકમાં રજુ કરવામાં આવેલો હોવો જોઈએ, આવો ચેક વણચુકવ્યો પરત થયાની માહીતી મળ્યાના ત્રીસ દિવસની અંદર ચેક લખનાર ને ચેકના પેઈએ લેખિતમાં નોટીસ આપી નાણાની રકમની માંગણી કરેલી હોવી જોઈએ અને આવી નોટીસ મળ્યાના પંદર દિવસમાં ચેક લખનારે નોટીસ આપનારને આવી રકમની ચુકવણી કરેલી નહી હોવી જોઈએ અને તે નોટીસનાં પંદર દીવસ પુરા થયા પછીનાં ત્રીસ દીવસમાં ફરીયાદ દાખલ થયેલી હોવી જોઈએ.

બીજુ કે આ કામે સદર એકટની કલમ–૧૩૯ અન્વયે જયાં સુધી વિપરિત પુરવાર ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવાનુ રહે છે કે, એકટની કલમ–૧૩૮ માં જણાવ્યા મુજબનો ચેક સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલો છે. સદર અનુમાન ખંડનાત્મક પ્રકારનુ છે પરંતુ આ અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી ધારાગૃહે સદર જોગવાઈ ધ્વારા આરોપીના શીરે રાખેલી છે. આમ, આ સદર એકટ હેઠળની કાર્યવાહીમાં કલમ–૧૧૮(અ) તથા કલમ–૧૩૯ હેઠળનુ અનુમાનનુ ખંડન કરવાનો બોજો આરોપી પક્ષના શીરે રહેલ છે.

૧૧. ઉપરોકત તમામ કાયદાકીય જોગવાઈઓની પશ્ચાદભૂનાં સંદર્ભમાં હવે આ કામે ફરીયાદ પક્ષે રજુ રાખેલા પુરાવાઓનુ તુલનાત્મક વિશ્લેષણ અને પૃથ્થકરણ કરવામાં આવે તે પહેલા જોવામાં આવે તો, તે હકીકત સ્પષ્ટ થઈ જાય છે કે, આ કામે એન.આઈ.એકટની કલમ–૧૩૯ મુજબ પ્રથમ તબકકે કાયદાકીય અનુમાન ફરીયાદીની તરફેણમા હોય છે. અલબત, આ અનુમાન ખંડનાત્મક સ્વરૂપનું છે અને આ અનુમાનનુ ખંડન આરોપી સોગંદ ઉપર જુબાની આપીને અથવા બચાવના સાહેદ તપાસીને અથવા ઉલટ તપાસના માધ્યમથી કરી શકે છે. આમ, આરોપીએ એવી કોઈ હકીકત દર્શાવવી પડે કે જેનાથી અદાલત ફરીયાદીનો કેસ ખરો ન હોવાનું માનવા પ્રેરાય. ટુંકમાં આરોપી જાતે પુરાવો આપીને અથવા રેકર્ડ પર ઉપલબ્ધ પુરાવાનાં માધ્યમથી જ પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી વડે ફરીયાદીના કેસનું ખંડન કરી શકે છે. વધુમાં આ અંગે જોવામાં

આવે તો, અનુમાન બાબતે <u>નામદાર મુંબઈ હાઈકોર્ટે ૨૦૦૫ ક્રિ.લો.જ.૪૦૭૨ નાં કેસમાં વિષદ છણાવટ કરી એવુ નિરીક્ષણ કરેલ છે કે</u>–

16. A combined reading of Sections 138, 141 and 139 clearly indicates that the initial burden on the complainant is merely to show that the cheque had been drawn by the drawer of the cheque in favour of the complainant who may be the payee or holder in due course and that the cheque which was issued by the drawer had returned on account of dishonour of the cheque and bank that he had taken further steps of issuing a demand notice and that after the receipt of demand notice the accused namely the drawer or other person as envisaged under Section 141 had failed to make the payment. The initial burden therefore, of the complainant would stand discharged after this aspects were proved by him and thereafter as a result of the presumption raised under Section 139 it would be the duty of accused to rebut the presumption which is raised under Section 139 of the said Act by showing that the cheque in question was not issued towards legally enforceable existing debt or other liability. It is now been held by a catena of judgments of the Supreme Court and various High Courts that the presumption which is raised under Section 139 has to be rebutted by the accused on preponderance of probability and not beyond reasonable doubt. The rebutting of presumption, therefore, under Section 139 would mean that if the accused was in a position to bring on record either by soliciting answers from the prosecution witness in their cross-examination and/or by bringing such documentary evidence on record in the cross-examination of the prosecution witness

and/or by examination of his own witness such evidence which would indicate that the said cheque was not issued to fullfil existing debt or liability Section 138 would not be attracted. The word existing debt or liability, also has been interpreted to mean the debt which existed on the date on which the alleged cheque was issued.

17. XXX

18. In my view from the discussion of the evidence adduced by both parties it will have to be held that accused has successfully rebutted the presumption raised under Section 139 of the said Act in view of the clear admission give by P.W.-1. Shirodkar in his cross-examination which is consistent with the stand taken by the accused. In his examination-in-chief the cheque given by the accused was, therefore, never meant to be deposited but was referred only as a sort of collateral security. This is clear from the evolution of the evidence in paras 7 to 11 above. Such a cheque in my view would not entail the penal liability as envisaged under Section 138 of the said Act if it is deposited and is dishonoured. Secondly, from the aforesaid discussion, it can also be seen that the cheque in question was not given for an existing debt or legally enforceable liability.

૧૨. ઉપરોકત ચુકાદાથી પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતના સંદર્ભમાં હવે આ કામે જોવામાં આવે તો ફરીયાદીનો કેસ ટુંકમા એવો છે કે,આ કામનાં ફરીયાદીના પેટ્રોલ પંપ ઉપરથી આરોપીએ તા.૨૦–૧૨–૨૦૨૨ થી તા. ૧૦–૦૧–૨૦૨3 દરમ્યાન કુલ રકમ રુા. ૬૫,૫૨,૯૬૦/– ની રકમનુ ડીઝલ ખરીદેલુ અને તે પૈકી રુા. ૨૯,૯૮,૮૦૦/– ચુકવેલા

અને બાકીની રકમ રુા. ૩૫,૫૪,૧૬૦/– ની ચુકવણી પેટે કુલ અલગ અલગ–૬ ચેકો અલગ–અલગ તારીખ અનેઅલગ–અલગ રકમના આપેલા જે પૈકી હાલનો તકરારી ચેક નં. ૦૦૦૦૫૮, રકમ રુા. ૫,૦૦,૦૦૦/– નો વણ ચુકવ્યો પરત થતા હાલની આ કાર્યવાહી ઉપસ્થિત થયેલી છે.

૧૩. આ હકીકત સંદર્ભે હવે સૌપ્રથમ આરોપીની દલીલોના સંદર્ભમાં વિચારણા કરીએ તો, આરોપીની પ્રથમ તકરાર એવી છે કે, ફરીયાદીએ રુા. ૬૫,૫૨,૯૬૦/– નુ ડીઝલ ઉધાર આપ્યા બાબતનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલો નથી. હવે જોઈએ તો, ફરીયાદીનો હાલનો આ કેસ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેનો આરોપીએ આપેલો ચેક વણચુકવ્યો પરત થયા અંગેનો છે. હાલની આ કાર્યવાહી લ્હેણી રકમ વસુલ લેવાનો દિવાની દાવો નથી. આ સંજોગોમાં ફરીયાદીએ આરોપીને કેટલા રુપીયાનુ ડીઝલ ઉધાર આપ્યુ તે દર્શાવતો પુરાવો રજુ રાખવાની જરુર નથી. ફરીયાદીએ પોતાની ફરીયાદના અનુસંધાને આ કામના આરોપીએ આપેલો ચેક આંક–૬ થી રજુ રાખેલો છે અને હાલની આ સમગ્ર કાર્યવાહી આંક–૬ નો સદર ચેક વણચુકવ્યો પરત થયા બાબતની છે. આથી, ફરીયાદીએ કેટલી રકમનુ ડીઝલ આપેલુ છે તે અંગેના પુરાવાઓ રજુ રાખવાની વાસ્તવમા કોઈ જરુર નથી. પરંતુ તેમ છતા ફરીયાદપક્ષે આંક–૩૪ થી આરોપીની પેઢી ચામુંડા કંન્સ્ટ્રકશન કંપનીનુ ફરીયાદી દ્વારા નિભાવવામા આવતા લેઝર નુ એકાઉન્ટ સ્ટેટમેન્ટ રજુ રાખેલ છે જેમાં ફરીયાદી તથા આરોપી

વચ્ચે અલગ અલગ તારીખોએ થયેલ વ્યવહારની વિગતો દર્શાવી છે જ. આમ, આરોપીપક્ષ ની ડીઝલ બાબતની તકરાર માનવાલાયક રહેતી નથી.

૧૪. વધુમાં જોઈએ તો, આરોપીપક્ષે વિ.વ.શ્રી જે.બી.જોષીએ પોતાની દલીલો દરમ્યાન એવી રજુઆત કરેલી છે કે, ભલે અનુમાનો ફરીયાદીની તરફેણમા રહેલા હોય પરંતુ ફરીયાદીએ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી બતાવવાનો છે. સૌપ્રથમ તો આ અદાલત આ દલીલ સાથે જ બીલકુલ સંમત નથી. કેમ કે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૧૮ તે હકીકતો આધારીત અનુમાનોની જોગવાઈ કરે છે. બીજા શબ્દોમા કરીએ તો, અગાઉ ચર્ચામા જોયુ તે મુજબ કલમ–૧૧૮ ચેક પર લખવામાં આવેલી તારીખ, સ્વીકારનો સમય, સ્ટેમ્પ તથા તેના પર કરવામાં આવેલા શેરાઓ જેવી હકીકતો આધારીત બાબતોને લગતા અનુમાનોની જોગવાઈ છે. તે જ રીતે કલમ–૧૩૯ તે એવી જોગવાઈ છે કે, જયાં સુધી વિપરીત પુરવાર ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવાનુ છે કે, પોતાનુ અંશત: અથવા સમગ્ર લ્હેણુ ચુકવવા માટે આરોપી ધ્વારા ચેક આપવામાં આવેલો હતો. આમ, કલમ–૧૩૯ મુજબનુ અનુમાન તે કાયદેસરના લ્હેણા અંગેનુ અનુમાન છે. આ અનુમાન અગાઉ ચર્ચાની શરુઆતમા જોયુ તે મુજબ ખંડનાત્મક પ્રકારનુ છે. સ્વાભાવિક રીતે આ અનુમાન ફરીયાદીની તરફેણમા રહેલુ છે તેથી તેનુ ખંડન કરવાની જવાબદારી આરોપીના શીરે રહેલી છે. ફરીયાદીએ ફકત આરોપીની સહી વાળો ચેક, રીટર્ન મેમો

અને આરોપીને પાઠવેલી નોટિસની સ્થળપ્રત ફરીયાદ સાથે રજુ રાખવી પુરતી છે. બાદમાં આરોપીએ હકીકત અને કાયદાકીય અનુમાનો એટલે કે, કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ મુજબના અનુમાનોનુ ખંડન કરવાનુ છે. આ ખંડન ફકત આરોપીએ કરવાનુ છે. અહીં ફરીયાદીની કોઈ જવાબદારી નથી કેમ કે, ફરીયાદીની તરફેણમાં કાયદાથી અનુમાનો અંગેની જોગવાઈ કરવામાં આવેલી છે.

૧૫. ત્યારબાદ જોઈએ તો, પોતાની દલીલો દરમ્યાન આરોપીપક્ષે આ કામના ફરીયાદપક્ષ ધ્વારા આંક–૩૧ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ થયેલા આંક–૩૩ થી આંક–૪૧ ના દસ્તાવેજો બાબતે તકરાર ઉઠાવીને એવી રજુઆત કરવામાં આવી છે કે, આ બધા દસ્તાવેજો ઝેરોક્ષ છે. આ દસ્તાવેજોને મૌખિક પુરાવાથી સમર્થન થયેલ નથી અને આ બધા દસ્તાવેજો ખાનગી દસ્તાવેજો છે અને તેના મજકુરો પુરવાર થયેલા નથી તેથી તેનુ કોઈ પુરાવાકીય મુલ્ય નથી. પરંતુ આ અદાલત આરોપીપક્ષની તે દલીલ સાથે પણ સંમત નથી. કારણ કે, આ બધા દસ્તાવેજો ફરીયાદપક્ષે મનસ્વીરીતે અને પોતાની મરજીથી ગમે ત્યારે રજુ રાખેલા નથી પરંતુ આ કામના ફરીયાદીની આરોપીપક્ષ ધ્વારા આ જ પક્ષકારો વચ્ચે ચાલતી અન્ય કાર્યવાહી એટલે કે, ફોજદારી કેસ નં.૧૮૯૩ /૨૦૨૩ ના કામે તા. ૦૭–૦૩–૨૦૨૫ ના રોજ લેવાયેલી ઉલટ તપાસ દરમ્યાન ફરીયાદીએ પોતે સને: ૨૦૨૨ થી ૨૦૨૪ ના ઈન્કમટેક્ષ રીટર્ન તથા વેટ ટેક્ષ રીટર્ન તેમજ તા. ૦૯–૧ ૨–૨૦૨૨ થી તા. ૧૫ –૦૫ –૨૦૨૩ વચ્ચેનુ પોતાની બેંક આઈ.સી.આઈ.સી.આઈ હાલોલ નું સ્ટેટમેન્ટ રજુ રાખવાની તૈયારી

બતાવેલ છે ત્યારે તે સ્ટેટમેન્ટો રજુ થાય પછી ઉલટ તપાસ આગળ ચાલી શકે તેમ હોય તે કેસમાં ફરીયાદીની ઉલટ તપાસ ત્યાં અટકાવવામા આવેલી. ત્યારબાદ ફરીયાદપક્ષે ફોજદારી કેસ નં.૧ ૮૯૩/૨૦૨૩ ઉપરાંત હાલના કેસ સહિત આ કામના આરોપી વિરુધ્ધના બીજા તમામ કેસોમાં પણ તે દસ્તાવેજો રજુ કરેલા ત્યાર બાદ તારીખ : ૦૫–૦૬–૨૦૨૫ ના રોજ ફરીયાદીની વધુ ઉલટ તપાસ આરોપી પક્ષ ધ્વારા થયેલી.

બાદમાં આરોપીપક્ષે પોતાની દલીલો દરમ્યાન આંક–૪૮ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલા દસ્તાવેજો અંગે એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદીએ તેમની વિરુધ્ધ કરેલા સાવલી મુકામેના ફોજદારી કેસના કામે આરોપીએ આગોતરા જામીન મળવા માટે અરજી રજુ રાખેલી અને તે સમયે જે વાઉચરો રજુ રાખેલા તે વાઉચરો તે કેસના તપાસકર્તા અધિકારીએ પોતાના કબજામા લીધેલ હોવાથી ફકત તેની સર્ટિફાઈડ નકલ રજુ રાખી શકયા છે. હવે જોઈએ તો, આરોપી પક્ષે આંક–૫૦ થી સાવલીના મે.એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટના ફોજદારી પરચુરણ અરજી નં. ૧૭૫/૨૦૨૩ કે જેના અરજદાર આ કામના આરોપી હતા અને સદર અરજી સી.આર.પી.સી.કલમ–૪૩૮ અન્વયે આગોતરા જામીન મળવા માટે રજુ રાખવામા આવેલી હતી તેના હુકમની ખરી નકલ રજુ રાખેલ છે. તેમજ તે અરજીના કામે આંક–૫ થી આરોપીપક્ષે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટના દસ્તાવેજો હાલના કામે આંક–૫૧ થી રજુ રાખેલ છે. સદર તમામ દસ્તાવેજો ખરી નકલ છે. જેથી તે દસ્તાવેજોની સત્યતા બાબતે શંકા સેવવાનુ કોઈ કારણ નથી.

પરંતુ, હાલના કેસ સાથે સદર દસ્તાવેજો કયા તબકકે અને કેવી રીતે સંદર્ભીત છે તેની ચર્ચા હવે પછી કરવામા આવેલી છે.

૧૬. હવે જોઈએ તો, આરોપીપક્ષ ની મુખ્ય તકરાર એવી છે કે, આ કામના પેઈ એટલે કે, ચેક જેની તરફેણમા લખવામાં આવેલ છે તે પેઢી છે અને આ કામના ફરીયાદી સદર પેઢીના પ્રોપરાઈટર છે કે કેમ તે બાબતનો કોઈ પુરાવો રજુ રાખેલ નથી. જેથી, નામદાર સુપ્રિમ કોર્ટના મીલીન્દ શ્રીપદ ચંદુરકરના કેસના ચુકાદા અનુસાર ફરીયાદીની હાલની આ ફરીયાદ ચાલવાપાત્ર નથી. પરંતુ, આરોપીપક્ષની આ તકરાર ચાલી શકે તેમ નથી. કેમ કે, ફરીયાદીએ પોતાની મુખ્ય ફરીયાદ તથા આંક–૪ ના પુરાવાના સોગંદનામામા પોતાને યોગી પેટ્રોલીયમના પ્રોપરાઈટર તરીકે સોગંદ ઉપર જાહેર કરેલ છે. વળી, આરોપી પક્ષે પ્રોપરાઈટરશીપ બાબતે જે તકરાર દલીલોના તબકકે ઉઠાવેલી છે તે તકરાર બાબતનો એકપણ સવાલ ફરીયાદીને તેની ઉલટ તપાસ દરમ્યાન પુછેલો નથી. ટુંકમા કહીએ તો, ફરીયાદી પોતે યોગી પેટ્રોલીયમના પ્રોપરાઈટર નથી તેવી તકરાર આરોપીપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ દરમયાન લીધેલી નથી. તેમ છતા પ્રોપરાઈટરશીપ બાબતે જોઈએ તો, ફરીયાદીએ આંક–૩૬ થી તા. ૦૧–૦૪–૨૦૨૩ થી તા. ૩૧–માર્ચ–૨૦૨૪ ના સમયગાળાનુ યોગી પેટ્રોલીયમ એટલે કે, જેની તરફેણમા ચેક લખવામાં આવેલો છે તે પેઈ પેઢીનુ બેલેન્સશીટ રજુ રાખેલ છે તે બેલેન્સશીટમા હાલના ફરીયાદી મયુરભાઈ રાવજીભાઈ પટેલને સ્પષ્ટપણે ઓનર તરીકે દર્શાવેલા છે. તે જ

રીતે ફરીયાદીએ આંક–૩૭ તથા આંક–૩૮ થી અનુક્રમે એસેસમેન્ટ ઈયર ૨૦૨૩–૨૦૨૪ તથા ૨૦૨૪–૨૦૨૫ ના વર્ષ ના ઈન્કમટેક્ષ રીટર્ન ની નકલો રજુ રાખેલ છે જેમાં નેચર ઓફ બીઝનેશમાં રીટેઈલ સેલ ઓફ ઓટોમોટીવ ફ્યુઅલ અને ટ્રેડ નેમમાં યોગી પેટ્રોલીયમ ટ્રાન્સપોર્ટ એન્ડ લોજીસ્ટીક સર્વિસીસ દર્શાવેલુ છે. આમ, આ હકીકતો ઉપરથી તે સ્પષ્ટપણે ફલીત થાય છે કે, મયુરભાઈ રાવજીભાઈ પટેલ તે યોગી પેટ્રોલીયમના પ્રોપરાઈટર છે. આ સંજોગોમાં આરોપીપક્ષ ને નામદાર સુપ્રિમકોર્ટના મીલીન્દ શ્રીપદ ચંદુરકરના કેસના ચુકાદાથી હાલના કેસમાં મદદ પ્રાપ્ત થઈ શકે તેમ નથી. વળી, જોવામાં આવે તો, મીલીન્દ શ્રીપદ ચંદુરકરના કેસમાં ફરીયાદી પેઢીના પ્રોપરાઈટર હોવાનુ દર્શાવતા આધારભુત દસ્તાવેજો જેવા કે, સેલ્સટેક્ષ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ, ઈન્કમટેક્ષ રીટર્ન કે બેંક એકાઉન્ટ ઓપનિંગ ડોકયુમેન્ટ રજુ રાખવામા નિષ્ફળ ગયેલા તેથી નામદાર સુપ્રિમ કોર્ટે ફરીયાદીને ''પેઈ'' માનેલા નહિં જેના પરિણામે આરોપીને થયેલી સજા રદ કરવામાં આવેલી. પરંતુ હાલના કીસ્સામા જોઈએ તો, ચાલુ ઉલટ તપાસ દરમયાન આરોપીની માંગણી અનુસાર ફરીયાદપક્ષે સબંધિત વર્ષોના ઈન્કમટેક્ષ રીટર્નની નકલો રજુ રાખેલી છે જે સ્પષ્ટપણે દર્શાવે છે કે, આ કામના ફરીયાદી મયુરભાઈ રાવજીભાઈ પટેલ તે જ યોગી પેટ્રોલીયમના પ્રોપરાઈટર છે.

૧૭. હવે જોઈએ તો, આરોપીપક્ષે દલીલો દરમ્યાન આ કામે રજુ થયેલ રીટર્ન મેમોમાં બેન્કના સીકકા કે સહી નહી હોવાની તકરાર ઉઠાવેલી છે અને તે તકરાર અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટના રાજેન્દ્રકુમાર ના

કેસના ચુકાદા ઉપર આધાર રાખેલો છે. વધુમાં આરોપીપક્ષે રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા ના તા. ૨૫–૦૭–૨૦૧૧ ના પત્ર પર પણ આધાર રાખેલ છે. હવે આ હકીકતના સંદર્ભમાં સૌપ્રથમ ધી નેગોશીયબેલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટની કલમ–૧૪૬ જોવામાં આવે તો, તેમાં એવી જોગવાઈ કરવામાં આવેલી છે કે, અદાલતે પોતાની સમક્ષ રજુ થતા રીટર્ન મેમોમાં જયારે એવુ જણાવેલ હોય કે, આ ચેક વણચુકવ્યો પરત થયેલ છે ત્યારે જો તે હકીકત વિપરીત પુરવાર ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવુ જોઈશે કે, સદર ચેક વણચુકવ્યો પરત થયેલો છે. આ હકીકતના સંદર્ભમાં જોઈએ તો, હાલનો આ કેસ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેનો છે જેનો મુખ્ય ઉદ્દેશ રોજબરોજના વાણીજયીક વહેવારમા વિશ્વસનિયતા વધારવાનો છે. નામદાર દીલ્હી હાઈકોર્ટે ગુનીત ભસીન વિ. એન.સી.ટી. ઓફ દીલ્હીના કેસના ચુકાદામાં પણ એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, રીટર્ન મેમો પર સ્ટેમ્પ કે સહી ન હોવાના કારણ માત્રથી સમગ્ર કાર્યવાહી નિલંબીત થઈ શકે નહિ. આ અંગે જોવામાં આવે તો, નામદાર દીલ્હી હાઈકોર્ટે નીચે મુજબનુ નિરિક્ષણ કરેલુ છે.–

9. The cheque return memo is a memo inform in the payee's banker and the payee about the dishonour of a cheque. When the cheque is dishonoured, the drawee bank immediately issues a cheque return memo to the payees' banker mentioning the reason for non-payment. The purpose of the cheque of the return memo is to give the

information of the holder of the cheque that his cheque is on the presentation could not be encashed due to the variety of reason as mentioned in the cheque return memo. As per the Section 146 of the N.I. Act, the cheque return memo on presentation presumed the fact of dishonoured of the cheque unless and until such fact is disapproved. Neither Section 138 nor the Section 146 of the N.I. Act has prescribed any particular form of cheque return memo. The Section 138 of the N.I. Act does not mandate any particular form of cheque return memo which is nothing but a mere information given by the banker of the due holder of a cheque that the cheque has been returned as unpaid. If the cheque return memo is not bearing any official stamp of the bank, it does not render the cheque return memo is invalid or illegal. The cheque return memo is not a document which is not required to be covered under Section 4 of the Bankers' Book (Evidence) Act, 1891. If there is any infirmity in the cheque return memo it does not render entire trial under Section 138 of the N.I. Act as nullity.

૧૮. વધુમાં જોઈએ તો, આરોપીપક્ષ નામદાર ગુજરાત હાઈકોર્ટના રાજેન્દ્રકુમાર ઉર્ફે રાજેશકુમાર બાલક્રિષ્ણ અગ્રવાલના કેસનાં ચુકાદા

ઉપર આધાર રાખી રહયા છે. આ અદાલત ધ્વારા સદર ચુકાદો સન્માનપૂર્વક વંચાણે લેવામાં આવેલ છે. સદર ચુકાદો વંચાણે લેતા તે સ્પષ્ટ થઈ જાય છે કે, તે કેસમાં આરોપીનો છુટકારો માત્ર અને માત્ર ચેક રીટર્ન મેમોમાં સબંધિત બેંકના અધિકારીની સહી કે સીલ નહિ હોવાના કારણે જ થયેલો નથી પરંતુ, અન્ય કારણો પણ ઉપસ્થિત હતા. વળી તે પણ હકીકત છે કે, દરેક કેસની હકીકત અને સંજોગો ભીન્ન ભીન્ન હોવાના. આ સંજોગોમાં તેવુ ચોકકસપણે કહી શકાય કે, નામદાર ગુજરાત હાઈકોર્ટનો ઉપરોકત ચુકાદો હાલના કેસમા આરોપીને મદદરૂપ નીવડી શકે તેમ નથી.

૧૯. આ કામે આરોપીપક્ષે પોતાની દલીલો દરમ્યાન ઉપસ્થિત રાખેલ સમગ્ર તકરારોના નિવારણને જોયા બાદ હવે રેકર્ડ ઉપર ઉપલબ્ધ પુરાવાઓનુ અવલોકન અને પૃથ્થકરણ કરીએ તો તે સ્પષ્ટ થઈ જાય છે કે, આરોપીએ સમગ્ર કાર્યવાહીમાં કયાંય એવુ કહેલુ નથી કે, આ ચેક પોતાનો નથી. આરોપીએ સમગ્ર કાર્યવાહી દરમ્યાન કયારેય એવી તકરાર ઉઠાવેલી નથી કે આ ચેકમા સહી તેની નથી. આરોપીએ સમગ્ર કાર્યવાહીમા કોઈ જગ્યાએ એવી પણ તકરાર ઉઠાવી નથી કે, હાલનો આ તકરારી ચેક ફરીયાદીએ છેતરપીંડીથી કે આરોપીને ગેરમાર્ગે દોરીને ખોટી રીતે મેળવેલો ચેક છે. આ કામે હાલની આ ફરીયાદ દાખલ કરતા પહેલા ફરીયાદી એ આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટ ની કલમ–૧૩૮ મુજબની ધારાસરની નોટિસ આપેલી અને આરોપીને તે નોટિસ નો જવાબ આપેલો. ફરીયાદીની નોટિસનો આરોપીએ આપેલો જવાબ

આંક–૧૧ થી રેકર્ડ ઉપર ઉપલબ્ધ છે. સદર જવાબને જોવામાં આવે તો મુખ્યત્વે આરોપીએ ફરીયાદીની નોટિસનો પોતાના જવાબના પેરા–૧ થી ૮ માં માત્ર ઔપચારિક ઈન્કાર જ કરેલો છે. ત્યારબાદ જોઈએ તો, પોતાના જવાબના પેરા–૯ મા આરોપીએ ખરી હકીકત તરીકે એવુ જણાવેલ છે કે, આરોપી ફરીયાદીને ઓળખતા નથી, કયારેય મળ્યા નથી, ફરીયાદી શું ધંધો કરે છે અને કયાં રહે છે તેની પણ આરોપીને જાણકારી નથી તે જ રીતે ફરીયાદી જણાવે છે તેવો કોઈ વ્યવહાર આરોપી અને ફરીયાદી વચ્ચે થયેલો જ નથી અને આરોપીએ લ્હેણા પેટે ફરીયાદીને કોઈ ચેક લખી આપેલો નથી અને હાલનો તકરારી ચેક પણ આરોપીએ ફરીયાદીને આપેલો નથી. ત્યાર બાદ આ જ પેરામા આરોપીએ પોતાના બેંન્કના ખાતા નંબર બાબતની તકરાર પણ લીધેલી છે જેનો ખુલાસો ફરીયાદીએ લેખિતમાં રજુ રાખી દીધેલ છે જે આંક–૧૨ થી રેકર્ડ ઉપર ઉપલબ્ધ છે. આ ખુલાસા અનુસાર ફરીયાદીએ સ્વીકારેલુ છે કે, માત્ર ટાઈપીંગ મિસ્ટેકને કારણે ખાતા નંબર લખવામાં ભુલ થયેલી. આમ, અહીં હવે આરોપીના બેન્ક ખાતા નંબર બાબતે વિચારણા કરવાનો પ્રશ્ન રહેતો નથી.

૨૦. હવે આરોપીએ પોતાના આંક–૧૧ ના નોટિસના જવાબમાં પેરા–૯ માં જે તકરાર જણાવી છે તે જોઈએ તો, પ્રથમ નજરે તેવુ સ્પષ્ટ થાય કે, આરોપી અને ફરીયાદી વચ્ચે કોઈ પ્રકારની ઓળખાણ નથી કે કોઈ પ્રકારનો વ્યાપારીક વહેવાર થયેલો નથી અને આરોપીએ ફરીયાદીને આવો કોઈ તકરારી ચેક આપેલો નથી. પરંતુ આ તમામ

હકીકતો બીલકુલ માનવા લાયક નથી. કેમ કે, ફરીયાદીની ઉલટ તપાસમાં જ આરોપી પક્ષે તેવુ પુછેલુ છે કે, આરોપીએ તા. ૧૭–૦૨–૨૦૨૩ ના રોજ આઈ.એમ.પી.એસ.થી રુા. બે લાખ યોગી પેટ્રોલીયમ ના ખાતામા જમા કરાવેલા. જેનો ફરીયાદીએ સ્વીકાર કરેલ છે. તે જ રીતે આંક–૩૩ ના સ્ટેટમેન્ટ મુજબ તા. ૨૭–૦૨–૨૦૨૩ ના રોજ પોતાના ખાતામાં રુા. ૪,૬૦,૦૦૦/– થી વધારે રોકડ રકમ જમા થઈ હોવાનો પણ ફરીયાદીએ સ્વીકાર કરેલો છે. હવે આંક–૩૩ નો ફરીયાદીના યોગી પેટ્રોલીયમના આઈ.સી.આઈ.સી.આઈ. બેંક હાલોલના ખાતાનો ઉતારો જોઈએ તો, આ રકમ ટ્રાન્સફર કરનાર પેઢી તે ચામુંડા કંન્સ્ટ્રકશન કંપની છે. આ ચામુંડા કંન્સ્ટ્રકશન કંપની સાથે હાલના આરોપીને કોઈ સબંઘ છે કે કેમ તે બાબતે જોઈએ તો, આરોપીએ ફરીયાદીની નોટિસનો જે જવાબ આપેલ છે તે આંક –૧૧ ના જવાબમાં આરોપી શ્વેતાબેન દર્શનકુમાર પંચાલે પોતાને ચામુંડા કંન્સ્ટ્રકશનના ઓથોરાઈઝડ સિગ્નેચરી તરીકે દર્શાવીને આ નોટિસનો જવાબ આપેલો છે. વધુમાં આરોપીએ આંક–૧૭ ના પોતાના કોર્ટ રુબરુના નિવેદનમાં પણ ચામુંડા કંન્સ્ટ્રકશનના ઓથોરાઈઝડ સિગ્નેચરી તરીકે સહી કરેલી છે. ટુંકમા આરોપીએ સ્વીકારેલુ છે કે, પોતે ચામુંડા કંન્સ્ટ્રકશન કંપનીના ઓથોરાઈઝડ સિગ્નેચરી છે અને આ ચામુંડા કંન્સ્ટ્રકશન કંપનીએ જ અલગ–અલગ તારીખોએ યોગી પેટ્રોલીયમના ખાતામાં અલગ–અલગ રકમ જમા કરાવેલી છે તેવુ ખુદ આરોપી કહે છે. આ સંજોગોમાં પોતે ફરીયાદીને ઓળખતા નથી કે, ફરીયાદી સાથે પોતાને કોઈ વહેવાર નથી તેવી આરોપીની એકપણ વાત માનવાલાયક રહેતી

નથી. વધુમાં જોઈએ તો, આરોપી પક્ષે ફરીયાદીની ઉલટ તપાસ દરમયાન અલગ અલગ તારીખોએ જે અલગ અલગ રકમોની ચુકવણી કરેલી છે તે બાબતે પણ સવાલો પુછેલા છે. તેનાથી પણ આગળ જોઈએ તો, આરોપીએ આંક–૫૦ થી આગોતરા જામીન મળવા માટે નામદાર એડીશ્નલ ડીસ્ટ્રીકટ કોર્ટ, સાવલી સમક્ષ દાખલ કરેલ ફોજદારી પરચુરણ અરજી નં. ૧૭૫/૨૦૨૩ ની નકલ રજુ રાખેલ છે જેમાં પણ તપાસનિશ અધિકારીએ સોગંદનામુ રજુ કરી એવી હકીકત રેકર્ડ ઉપર લાવેલ છે કે, આરોપી તથા તેમના પતિની ચામુંડા કંન્સ્ટ્રકશન કંપની ધ્વારા ફરીયાદીના યોગી પેટ્રોલપંપ ઉપરથી કુલ રકમ રુા. ૬૫,૫૨,૯૬૦/– નુ ડીઝલ ખરીદવામા આવેલુ અને તે પેટે રુપીયા ૨૯,૫૮,૮૦૦/– ચુકવેલા જયારે બાકીની રકમ ૩૫,૫૪,૧૬૦/– ના નાણાં નહિ ચુકવી ફરીયાદી સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરવા બનાવટી રબર સ્ટેમ્પનો ઉપયોગ કરી, ફરીયાદીની બનાવટી સહી કરી પેમેન્ટ બાબતના ખોટા વાઉચરો બનાવેલા. આમ, આરોપી વિરુધ્ધ ફરીયાદીએ આજ વ્યવહાર બાબતે ખોટા વાઉચરો બનાવવા અંગેનો પણ કેસ કરેલ છે તેવુ ખુદ આરોપીની સદર અરજી પરથી જ સ્પષ્ટ થાય છે. ત્યારબાદ જોઈએ તો, ખુદ આરોપીએ આંક–૫૧ થી યોગી પેટ્રોલીયમને તા. ૨૨–૧૨–૨૦૨૨ થી તા. ૩૦–૧૨–૨૦૨૨ દરમ્યાન ચુકવેલી કુલ રકમ ૨૮,૩૬,૧૬૦/– દર્શાવતા સ્ટેટમેન્ટ ની અને ચામુંડા કંન્સ્ટ્રકશન ધ્વારા યોગી પેટ્રોલીયમને ડીસેમ્બર–૨૦૨૨ તથા જાન્યુઆરી–૨૦૨૩ તેમજ ફેબ્રૂઆરી–૨૦૨૩ ની અલગ અલગ તારીખોએ ચુકવેલી રકમના વાઉચરો રજુ રાખેલ છે. આ વાઉચરો ખરા છે કે કેમ, તે આ

તબકકે આ અદાલતે જોવાનુ નથી. કેમ કે, આરોપી સામે ખોટા વાઉચરો બનાવી ફરીયાદી સાથે છેતરપિંડી કરવા અંગેનો કેસ અન્ય સક્ષમ અદાલત સમક્ષ વિચારાધિન છે. પરંતુ, ફરીયાદીની ઉલટ તપાસમાં પુછવામા આવેલા સવાલો અને ઉપર ચર્ચામાં ધ્યાને લીધેલા દસ્તાવેજી પુરાવાઓ નજર સમક્ષ રાખતા તે સ્પષ્ટ થઈ જાય છે કે, ભલે નોટિસના જવાબમા આરોપી એવી તકરાર ઉઠાવતા હોય કે, પોતે ફરીયાદીને ઓળખતા નથી, ફરીયાદીને કયારેય મળેલા નથી કે ફરીયાદી સાથે પોતાનો કોઈ વાણીજયીક વહેવાર થયેલો નથી તો પણ હકીકત એ છે કે,આરોપીને ફરીયાદી સાથે ડીઝલની ખરીદી બાબતનો વાણીજયીક સબંધ હતો અને તે સબંધની રૂએ આરોપીએ ફરીયાદીને રુપીયા અઠયાવીસ લાખ જેવી રકમ ચુકવેલી છે. આમ, ફરીયાદી સાથે કોઈ સંપર્ક કે વહેવાર નહિ હોવાની હકીકત સદંતર ખોટી છે.

૨૧. હવે જોઈએ તો, અગાઉ ચર્ચામા જોયુ તે મુજબ ફરીયાદીની તરફેણમા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ મુજબના અનુમાનો રહેલા છે. જે પૈકી અગાઉ ચર્ચામા જોયુ તે મુજબ કલમ–૧૧૮ મુજબ નુ અનુમાન તે હકીકતલક્ષી અનુમાન છે. જયારે કલમ–૧૩૯ મુજબનુ અનુમાન તે કાયદેસરની લ્હેણી રકમ હોવા બાબતનુ અનુમાન છે. મતલબ કે જયાં સુધી વિપરીત પુરવાર ન થાય ત્યાં સુધી ન્યાયની અદાલતે તેવુ માની ને જ ચાલવાનુ છે કે, હાલનો આ ચેક આરોપીએ ફરીયાદીને પોતાના અંશત: કે પૂર્ણ દેવાની ચુકવણી માટે આપેલો. હવે જો આરોપી એવુ કહેતા હોય કે,

ફરીયાદીનુ પોતાની પાસે કોઈ કાયદેસરનુ લ્હેણુ ન હતુ તો, આરોપીએ કલમ–૧૩૯ મુજબના અનુમાનોનુ ખંડન કરવા સ્પષ્ટપણે પુરવાર કરવુ પડે કે, આરોપીનો આ ચેક ફરીયાદી પાસે લ્હેણાની ચુકવણી પેટે નહિ પરંતુ અન્ય કોઈ કારણોસર આવેલો છે. સરળ શબ્દોમા કહીએ તો, આરોપીએ હાલનો પોતાની સહી વાળો ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવ્યો તે દર્શાવવુ પડે. પરંતુ અગાઉ ચર્ચામા જોયુ તે મુજબ આરોપી પક્ષે માત્ર પોતે હાલનો આ ચેક આપેલો નથી તેવી ઔપચારીક તકરાર નોટિસના જવાબમાં ઉઠાવેલી છે. આ સિવાય આ ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવ્યો તે બાબતે આરોપીપક્ષે સમગ્ર કાર્યવાહીમા કયાંચ કોઈ સ્પષ્ટતા કરેલી નથી કે, કોઈ પુરાવો રજુ રાખેલ નથી. એનાથી ઉલટુ, પોતાના સી.આર.પી.સી.કલમ–૩૧૩ મુજબના વિશેષ નિવેદનમા પણ આરોપીએ આંક–૬ ના તકરારી ચેક બાબતે માત્ર એવુ જ જણાવેલ છે કે, ચેક વારંવાર ભરીને રોકડ મળી ગયેલ હોવા છતા ચેકનો દૂરૂપયોગ કરેલ છે. મતલબ કે, પોતે આ ચેક આપેલો તેવુ આરોપી સ્વીકારે છે. આરોપીની માત્ર તકરાર એટલી જ છે કે, પોતે ફરીયાદીનુ લ્હેણુ રોકડમા ચુકવી આપેલુ તેમ છતા ફરીયાદીએ ચેકનો દૂરૂપયોગ કરેલો છે. આરોપીની આ તકરાર માનવાલાયક નથી. કેમ કે, આરોપી એક કંન્સ્ટ્રકશન કંપનીના ઓથોરાઈઝડ સિગ્નેચરી છે. જો આરોપીએ ફરીયાદીનુ લ્હેણુ રોકડમા ચુકવી આપેલુ હોય તો, આરોપીએ ફરીયાદી પાસેથી તે સમયે જ આ ચેક પરત મેળવી લેવો જોઈએ તો હતો અને જો ફરીયાદીએ તે સમયે ચેક પરત આપેલો ન હોય તો

તે બાબતનુ લખાણ મેળવી લેવુ જોઈતુ હતુ. પરંતુ આરોપીએ આવુ કોઈ લખાણ મેળવેલ નથી. આ સંજોગોમાં પોતે રોકડમા લ્હેણુ ચુકવી દીધેલ હોવા છતા ફરીયાદીએ આ ચેકનો દૂરૂપયોગ કરેલ હોવાની આરોપીની તકરાર માનવાલાયક નથી. સૌથી અગત્યની વાત એ છે કે, આરોપી પોતાના સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબના વિશેષ નિવેદનમા ફરીયાદીએ ચેકનો દૂરૂપયોગ કરેલો હોવાનુ જણાવે છે તે જ આરોપીએ ફરીયાદીની નોટિસના જવાબમા પોતે ફરીયાદીને ઓળખતા ન હોવાનુ કે કોઈ વ્યવહાર જ થયેલો ન હોવાનુ જણાવે છે. જે બંને હકીકતો એકબીજાથી તદ્દન વિપરીત અને અસંગત છે જે દર્શાવે છે કે, આરોપી કોર્ટ સમક્ષની કાર્યવાહીમા સદંતર ખોટી હકીકતો જણાવી રહયા છે.

૨૨. હવે જોઈએ તો, આ કામના આરોપી જાતે મૌખિક પુરાવો રજુ રાખવા માટે વિટનેસ બોક્ષમા આવેલા નથી. પરંતુ, આરોપીપક્ષે આંક–૪૭ થી પોતાના સાહેદ તરૂણભાઈ જયરામભાઈ રાજપરા ને તપાસેલા છે. જેમણે પોતાના કોર્ટ રુબરુના મૌખિક પુરાવામાં એવુ જણાવેલ છે કે, પોતે પટેલ પેટ્રોલીયમમા ભાગીદાર છે. તેઓ કુલ–૫ ભાગીદાર છે જેમા એક પોતે તથા ગોપાલભાઈ પટેલ, મોનીલ પટેલ, પાર્થ પટેલ અને સંગીતા પટેલ છે. પોતે મયુરભાઈ (આ કામના ફરીયાદી) ને ઓળખે છે. પોતાને ત્યાં દર્શનભાઈ પંચાલ (આ કામના આરોપીના પતિ) ઉધાર ડીઝલ લેવા આવેલા. જેથી પોતે ઉધાર આપવાની ના પાડેલી. બાદમાં મયુરભાઈ પતાના મિત્ર હોવાથી આ બાબતે પોતે મયુરભાઈને વાત કરેલી અને મયુરભાઈને દર્શનભાઈ

જોડે વાત કરાવેલી અને રુપીયા પાંચ લાખ ડીપોઝીટની વાત થયેલી તેમાંથી આ દર્શનભાઈએ ડીપોઝીટ પેટે રુપીયાત્રણ લાખ મયુરભાઈને આપેલા. બાદમાં આ ચામંડા કંન્સ્ટ્રકશન વાળા દર્શનભાઈ પંચાલનુ મયુરભાઈને ત્યા ખાતુ ચાલતુ હતુ. બાદમાં પોતાને જાણવા મળેલુ કે, આ દર્શનભાઈ ઉધાર ડીઝલ લીધા પછી તેનુ પેમેન્ટ આપતા ન હતા. પોતે એવુ પણ જાણેલુ કે, આ મયુરભાઈ, દર્શનભાઈને ફોન પણ કરતા હતા અને આ દર્શનભાઈએ ઘણા લોકોને લ્હેણા પૈસા આપેલા નહિ તેવુ પોતે પેપરમા વાંચેલુ. બાદમાં એક વખત આ દર્શનભાઈએ મયુરભાઈને પેમેન્ટનો ચેક લેવા વડોદરા બોલાવેલા અને ત્યારે પોતે પણ તેની સાથે ગયેલા ત્યારે દર્શનભાઈએ તેમના પત્નિ પ્રોપરાઈટર હોવાનુ જણાવી તેમના પત્નિની સહીઓ કરાવી મયુરભાઈને ચેકો આપેલા જે ચેક પાસ થયેલા નહિ. આ દર્શનભાઈ બીજા કામમા જેલમા હતા ત્યારે પોલીસે પોતાને સાવલી પોલીસ સ્ટેશનમા નિવેદન માટે બોલાવેલા અને પોતાનુ નિવેદન લીધેલુ. જે કામમાં પોતાને નિવેદન આપવા માટે બોલાવેલા તે ફરીયાદ મયુરભાઈએ કરેલી.

આમ, ખુદ આરોપીના સાહેદ તરૂણભાઈ જયરામભાઈ રાજપરા એ કોર્ટ રુબરુના સોગંદ ઉપરના મૌખિક પુરાવામાં જે હકીકતો જણાવેલ છે તે જોતા સ્પષ્ટ થઈ જાય છે કે, આ કામના આરોપીના પતિ દર્શનભાઈ પહેલા આ સાહેદને ત્યાં ઉધારમા ડીઝલ લેવા ગયેલા પરંતુ આ સાહેદે ઉધારમા ડીઝલ આપવાની ના કહેલી અને આરોપીના પતિ દર્શનભાઈને આ કામના ફરીયાદી મયુરભાઈ સાથે મળાવેલા. ફરીયાદીએ રુપીયા પાંચ લાખની ડીપોઝીટની માંગણી કરેલી

ત્યારે દર્શનભાઈએ રુપીયા ત્રણલાખ ડીપોઝીટ પેટે આપેલા. હવે જોઈએ તો, ફરીયાદીએ પોતાની ફરીયાદ અને પુરાવાના સોગંદનામામા પણ આરોપીએ રુપીયા ત્રણલાખ ડીપોઝીટ આપેલાની હકીકત જણાવી છે અને તેજ હકીકત આરોપીના સાહેદ પણ જણાવી રહેલા છે. ત્યારબાદ આરોપીના આ સાહેદના પુરાવા ઉપરથી તે પણ નિ:સંદેહપણે ફલીત થાય છે કે, ફરીયાદી મયુરભાઈને ઉધાર આપેલા ડીઝલના પેમેન્ટની ચુકવણી આરોપીના પતિ કરતા ન હતા અને આરોપીના પતિએ ઘણા લોકોને તેના લ્હેણા નાણાં આપેલા નહિ તેવુ પોતે વર્તમાનપત્રોમા પણ વાચેલુ. સૌથી અગત્યની હકીકત એ છે કે, ખુદ આરોપીના સાહેદે જ પોતાના સોગંદ ઉપરના કોર્ટ રુબરુના મૌખિક પુરાવામા જણાવેલુ છે કે, પોતે ફરીયાદી સાથે આરોપીને ત્યાં લ્હેણી રકમના પેમેન્ટના ચેક લેવા વડોદરા ગયેલા જયાં આરોપીના પતિ દર્શનભાઈએ આરોપીની ઓળખાણ પ્રોપરાઈટર તરીકે હોવાનુ આપી અને પોતાની હાજરીમાં આરોપીની સહીઓ કરાવી ફરીયાદીને આ ચેકો આપેલા. આ હકીકત જોતા આ કામના આરોપી ચામુંડા કંન્સ્ટ્રકશનના પ્રોપરાઈટર હોવાની અને ફરીયાદીને તેના કાયદેસરના લ્હેણા પેટે આરોપીએ સહી કરીને હાલના ચેકો આપેલા હોવાની હકીકત હવે નહિ માનવા ને કારણ રહેતુ નથી. વધુમાં આરોપીપક્ષના આ સાહેદની ઉલટ તપાસથી એવુ પણ ફલીત થાય છે કે, આ આરોપીઓએ અન્ય ઘણા લોકોને તેમની લ્હેણી રકમ ચુકવેલી નથી. મતલબ કે, આરોપી તથા તેમના પતિ નિરંતર આ પ્રકારની ગુન્હાહિત પ્રવૃતિ કરવાની માનસીકતા અને આદત ધરાવતા ઈસમો છે.

૨૩. આમ, ઉપરોકત તમામ ચર્ચાઓ, પુરાવાનુ વિશ્લેષણ અને પુરાવાઓનુ મુલ્યાંકન ધ્યાને લેતા આ કામે આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલો હોવાનુ આ અદાલતનુ ચોકકસપણે માનવાનુ થતુ હોવાથી આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનાં કામે તકસીરવાન ઠરાવી **મુદ્દા નંબર–૧** નો જવાબ ''**હકારાત્મક**'' ઠરાવવામા આવે છે.

સ્થળ:–હાલોલ
તારીખ : ૦૮/૦૬/૨૦૨૬ (રાજેશકુમાર બટુકલાલ જોષી)
એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
હાલોલ.
જજ કોડ નં. જી.જે.૦૦૯૫૨

–::: <u>સજા બાબતે સાંભળ્યા</u> :::–

૨૪. આ કામે સજા બાબતે આરોપી પક્ષે પ્રોકસી ધારક વિ.વ.શ્રી એમ.આઈ. પાંડવાને સાંભળ્યા. જયારે આજરોજ ફરીયાદી કે તેમનાં વિ.વકીલશ્રી હાજર નથી. આથી સજા બાબતે ફરીયાદપક્ષે કોઈ રજુઆત નથી.

જયારે આરોપી પક્ષે મુખ્યત્વે પોતાની રજુઆતમાં એવુ જણાવેલુ છે કે, આરોપી મહીલાવર્ગના ઈસમ છે,આરોપીના શિરે પોતાના પરીવારની જવાબદારી રહેલ છે. આરોપીનો કોઈ ગુન્હાહિત ઈતિહાસ નથી, વ્યાપારીક વહેવારમાંથી ઉત્પન્ન થયેલી ગેરસમજના પરિણામે સમગ્ર બનાવ બનવા પામેલ છે જેથીઆ તમામ

હકીકતો ધ્યાને લઈ આરોપીને દરગુજર કરી લઘુત્તમ સજા ફરમાવવા હુકમ થવા વિનંતિ છે.

૨૫. આ કામે ઉભયપક્ષોની રજુઆત તથા કેસનુ રેકર્ડ અને ઉપર જણાવેલી વિગતે કેસની કાર્યવાહી દરમ્યાનની આરોપીપક્ષની વર્તણૂંક ધ્યાને લીધી. સૌપ્રથમ તો, આજનો સમય કે જેમાં મહીલાઓ પુરુષોની સાથે ખભે ખભા મિલાવી વિવિધ ક્ષેત્રોમા આગળ વધી રહી છે અને પોતાના સમાજ તથા રાષ્ટ્રનુ નામ રોશન કરી રહી છે ત્યારે માત્ર મહીલા હોવાના કારણે કોઈને પ્રિવીલેજ હોવાનુ કહી શકાય નહિં. ટુંકમા કહીએ તો, મહિલાઓ વિશે કોઈ વિશેષાધિકારની વાત નથી. કાયદા સમક્ષ સ્ત્રી અને પુરુષ સમાન છે. હવે હાલના ગુન્હા બાબતે વિચારણા કરીએ તો, સદર ગુન્હો ઓચિંતા કે ઉશ્કેરાટમા કોઈ વ્યકિત કરી બેસે તે પ્રકારનો ગુન્હો નથી. આર્થિક વ્યવહાર સંદર્ભે કરવામા આવતા દરેક ગુન્હામાં ગુન્હેગાર ને પોતે જે ગુન્હાનુ આચરણ કરી રહેલ છે તેનો પ્રકાર અને પરિણામ બંન્નેની જાણકારી પ્રથમથી જ હોય છે. તેમ છતા પોતાના ગુન્હાહિત માનસને વશ થઈ આરોપી ધ્વારા આ પ્રકારના ગુન્હાનુ આચરણ કરવામા આવતુ હોય છે તેવા સંજોગોમાં પ્રથમ ગુન્હો હોય તો પણ આ ગુન્હાહિત માનસીકતા ને શરુઆતથી જ ડામી દેવી તે ડહાપણભર્યુ છે. આ સંજોગોમા પ્રથમ ગુન્હો હોવાની હકીકત પણ આરોપીને ઓછી સજા થાય તે માટે મદદરૂપ નિવડી શકતી નથી. જયારે ફરીયાદી ત્રણ વરસની લડતના અંતે એટલે કે, સમય અને નાણાંનો વ્યય કરીને હાલનો આ કેસ પુરવાર કરવામાં સફળ નિવડેલા

છે ત્યારે આરોપી પ્રત્યે કોઈ પ્રકારની દયા બતાવવી કે લઘુત્તમ સજા કરવી તે ખુદ ન્યાયની અદાલત દ્વારા ન્યાયનુ અપમાન થયુ ગણાશે. કારણ કે, અનુભવે તેવુ જણાયેલ છે કે આ પ્રકારના કેસમાં આરોપી પક્ષ દ્વારા એ ગણતરીપૂર્વકનુ આયોજન સાથેનુ જોખમ લેવામાં આવતુ હોય છે કે જો પોતે નિર્દોષ છુટી જાય તો ફરીયાદીએ આગળ કાર્યવાહી કરવાની થશે અને જો પોતાને કોઈ સંજોગોમાં સજા થાય તો, સદર ગુન્હો સમાધાન પાત્ર હોવાથી અપીલમા સમાધાન કરીને છુટી જઈ શકાશે. આ તમામ હકીકતો જોતા આરોપીપક્ષ સજા હળવી કરવા બાબતે એવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકયો નથી કે, જેનાથી આ અદાલત ઓછી અથવા લઘુત્તમ સજા કરવા પ્રેરાય. આથી, આ તમામ ચર્ચા ધ્યાને લઈ મુદ્દા નંબર–૨ અન્વયે ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

–::: આખરી હુકમ :::–

૧. આ કામે આરોપી શ્વેતાબેન દર્શનભાઈ પંચાલ તે ચામુંડા કંન્સ્ટ્રકશન કંપનીના ઓથોરાઈઝડ સિગ્નેચરી, રહે. પંચાલ ફળીયુ, મુ.રણોલી, તા.જી. વડોદરા નાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના શિક્ષાપાત્ર ગુન્હા સબબ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવી બે વર્ષની સાદી કેદની સજા તથા ચેકથી બમણી રકમ એટલે કે, રુા. ૧૦,૦૦,૦૦૦/–(અંકે રુપીયા દશ લાખ પુરા) નો દંડ ફરમાવવામા આવે છે.

દંડની આ રકમ રુપીયા દશ લાખ પુરા સી.આર.પી.સી. કલમ–૩૫૭ ની જોગવાઈ અનુસાર આ કામના ફરીયાદીને વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામા આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ૦૫ (પાંચ) માસની સાદી કેદની સજા ભોગવવી.

(૨) આરોપીએ કાચા કામના કેદી તરીકે જે સજા ભોગવેલ હોય તે સી.આર.પી.સી.કલમ–૪૨૮ અન્વયે મજરે આપવી.

(૩) આરોપીને અત્રેની અદાલત ધ્વારા આ ગુન્હા સિવાય અન્ય ક્રિમીનલ કેસ નં. ૧૮૯૩/૨૦૨૩,૧૮૯૪/૨૦૨૩, ૧૮૯૫/૨૦૨૩,૧૮૯૬ /૨૦૨૩, ૧૮૯૭/૨૦૨૩ ના કામે પણ તકસીરવાન ઠરાવેલા હોઈ દરેક ગુન્હા કામે ફરમાવેલી સજાઓ એકીસાથે ભોગવવાની રહેશે.

(૪) હુકમની એક નકલ સી.આર.પી.સી.કલમ–૩૬૩ અન્વયે તાત્કાલીક આરોપીને વિનામુલ્યે આપવી.

આ હુકમ આજરોજ તા. ૦૮ મી, માહે: જુન, સને : ૨૦૨૬ ના રોજ વાં ચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:–હાલોલ
તારીખ : ૦૮/૦૬/૨૦૨૬

(રાજેશકુમાર બટુકલાલ જોષી)
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
હાલોલ.
જજ કોડ જી.જે.૦૦૯૫૨

એન.એમ.વાળંદ